સૌરાષ્ટ્રના અનેક ભાગોમાં ભારે વરસાદ

સતત ત્રીજા દિવસે કમોસમી વરસાદ યથાવત રહેતા ખેડૂત ચિંતિત : જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, કોડીનાર ખાતે વરસાદ પડ્યો : હજુ ગાજવીજ સાથે વરસાદની સંભાવના : સાપુતારામાં કરાની સાથે વરસાદ

અમદાવાદ,તા. ૧૩

સૌરાષ્ટ્ર અને ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં સતત ત્રીજા દિવસે વરસાદ તુટી પડ્યો હતો જેના પરિણામ સ્વરુપે ખેડૂતોની સ્થિતિ વધુ ખરાબ થઇ રહી છે. આજે સૌરાષ્ટ્રના જે ભાગોમાં જોરદાર વરસાદ તુટી પડ્યો હતો તેમાં જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગુજરાતના વિવિધ ભાગોમાં પણ ભારે વરસાદ થયો હતો. એકંદરે વરસાદનો મારો જારી રહ્યો છે. જુનાગઢ અને આસપાસના વિસ્તારોમાં કમોસમી વરસાદથી જનજીવન ઉપર પણ અસર થઇ હતી. જુનાગઢથી પ્રાપ્ત અહેવાલ મુજબ જુનાગઢમાં વરસાદથી તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો હતો. ગીર સોમનાથમાં પણ ભારે વરસાદ થયો છે. ઉમરાલમાં ૧૨મીમી અને તલાલામાં બે મીમીથી વધુ વરસાદ થયો છે. કોડીનારના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ થયો છે. ગઢડામાં વરસાદ સાથે કરા પડ્યા છે. સૌરાષ્ટ્રના અમરેલીમાં લીલીયામાં ગાજવીજ સાથે વરસાદ થયો છે. માત્ર સૌરાષ્ટ્રમાં જ નહીં બલ્કે ગુજરાતના સાપુતારામાં કરા સાથે વરસાદ થયો છે. મોટા પ્રવાસ સ્થળ તરીકે ગણાતા સાપુતારામાં કરા પડતા ઉત્સુકતા ફેલાઈ હતી. તાપીમાં પણ વરસાદ નોંધાયો છે જેમાં વ્યારા અને વડોદનો સમાવેશ થાય છે. ભાવનગરમાં પાંચમીમી અને જેતપુરમાં ૨૭ મીમી જેટલો વરસાદ થયો છે. વલ્લભીપુરમાં હળવો વરસાદ થયો છે. હવામાન વિભાગે હજુ પણ ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઇકાલે ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ પડ્યો હતો. વડોદરા જિલ્લાના પાદરા-સાવલી અને પોર ખાતે કરા પડતા લોકોમાં આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું હતું. ગઇકાલે કરા પણ પડ્યા હતા. ગરબાડામાં વરસાદ સાથે કરા પણ પડ્યા હતા જેથી લોકોમાં અચરજની સ્થિતિ જોવા મળી હતી.

બીજી બાજુ હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, રાજ્યમાં આવો જ માહોલ રહેશે અને ઠંડા પવનો ફુંકાશે. વાદળછાયુ વાતાવરણ વચ્ચે વરસાદ પણ પડી શકે છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં આગામી ૨૪ કલાક દરમિયાન વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. ગાંધીનગરમાં પણ આજે વરસાદ થયાના અહેવાલ મળ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દક્ષિણ ગુજરાત અને આસપાસ ઉપર સર્જાયેલા અપર એર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિના પરિણામ સ્વરુપે ગઇકાલે વાતાવરણમાં ફરી એકવાર પલટો આવ્યો હતો અને ગુજરાતના ઘણા ભાગોમાં તોફાની પવન સાથે વરસાદ તુટી પડ્યો હતો.

સુપર સિંગર સ્પર્ધાની મેઘા ફાઈનલ યોજાઈ

એ ગૃપમાં હરિઓમ ગઢવી, બી ગૃપમાં ડૉ. અનુજા પુરોહિત અને સી ગૃપમાં જયમાલીની પટેલને તાજ : નગરની જનતાએ મનભરીને કાર્યક્રમને માણ્યો

ગાંધીનગર, તા. ૧૩

શહેરના ચુનંદા ગાયકોની શોધ માટે જેસીઆઈ

દ્વારા સુપર સિંગર ઓફ ધ ડીસ્ટ્રીક્ટનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેની મેઘા ફાઈનલ ગત રવિવાર રાત્રે યોજાઈ હતી. ત્રણ ગૃપમાં યોજાયેલ સ્પર્ધામાં પંદર સ્પર્ધકોમાંથી ત્રણ સ્પર્ધકોને સુપરસિંગરનો તાજ પહેરાવવામાં આવ્યો હતો.

શિક્ષણનગરીમાં સૂરોની રેલમછેલ કરતો કાર્યક્રમ સુપર સિંગર યોજાયો હતો. જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ ગાંધીનગર દ્વારા સતત બીજા વર્ષે આયોજન કરવામાં આવ્યુ હતુ. સ્પર્ધા ત્રણ ગૃપમાં અને ત્રણ રાઉન્ડમાં યોજાઈ હતી.

પ્રથમ રાઉન્ડમાં પંદર સ્પર્ધકોએ પોતાના કંઠેથી સૂરો રેલાવી ઉપસ્થિત સૌને આકર્ષવા પ્રયત્નો કર્યા હતા. એ,બી, અને સી ત્રણ ગૃપમાંથી પ્રથમ રાઉન્ડમાં પાંચમાંથી ત્રણ સ્પર્ધકોને પસંદ કરવામાં આવ્યા હતા. આ ગૃપમાં પ્રથમ રાઉન્ડમાં કિશોર પ્રજાપતિ, જયમાલીની પટેલ અને પ્રદિપ સોની પસંદગી પામ્યા હતા. બી ગૃપમાં દિપાલી શાહ, ડૉ. અનુજા પુરોહિત અને હિંમાશુ બારોટ તેમજ એ ગૃપમાં હરિઓમ ગઢવી, તેજસ્વીની ખેરનાર અને મોહમદજુનેદ શેખ પસંદગી પામ્યા હતા.

ગાયકી ક્ષેત્રે શહેનશાહ બનવુ છે : હરિઓમ ગઢવી

એ ગૃપમાં પ્રથમ આવેલ હરિઓમ ગઢવીએ ચોક પુરાવો... મોરે પિયા ઘર આયે... ગીત રજૂ કરતા ગઢવી રોક્સના નારા લાગ્યા હતા. મૂળ લીમડીના અને હાલ રાયસણ ખાતે પોતાના માતા-પિતા સાથે રહેતા હરિઓમને બાળપણથી માતા-પિતા ગાવાની તાલીમ આપે છે. હાલ ધોરણ-૯માં અભ્યાસ કરે છે. હરિઓમને ગુજરાતનો ખ્યાતનામ સિંગર બનવાની ઈચ્છા છે. હરિઓમે સ્પર્ધા વિશે મંતવ્ય આપતા જણાવ્યુ હતુ કે જેસીઆઈ દ્વારા ગાંધીનગરમાંથી રત્નો શોધવાનું કાર્ય કરી રહ્યુ છે અને બાળકોને સ્ટેજ પુરૂ પાડે છે.

ત્યારબાદ રસાકસી ભર્યા માહોલમાં પસંદગી પામેલા સ્પર્ધકોએ પોતાના મુખે નવા અને જૂના ગીતોથી રસતરબોળ કરી નિર્ણાયકોનું ધ્યાન ખેંચવા પ્રયત્નો કર્યા હતા. અત્યંત રસાકસી ભર્યા સમયમાં એ ગૃપમાં હરિઓમ ગઢવી, બી ગૃપમાં ડૉ. અનુજા પુરોહિત અને સી ગૃપમાં જયમાલીની પટેલને સુપર સિંગર ડીસ્ટ્રીક્ટ-૨નો તાજ આપવામાં આવ્યો હતો.

શહેરની ગત રાત્રિ રંગીન બની ગઈ હતી. એક એક સ્પર્ધકે તાજ મેળવવા ખુબજ સારા ગીતો ગુનગુનાવ્યા હતા. અતુલકુમાર જોષીએ ખઈકે પાન બનારસ વાલા ગીત લલકારતા ટાઉનહોલમાં સીટીઓની છોળો ઉડી હતી. કિશોર પ્રજાપતિએ રજુ કરેલ દિલબર મેરે કબતક મુજે એસે હી તડપાયેગી...થી વરીષ્ઠ વડીલો જૂમી ઉઠ્યા હતા.

ઊંઝાના અગ્રણી ઘનશ્યામ બ્રહ્મભટ્ટનું નિધન

ઊંઝા શહેરના પનોતાપુત્ર દાતા અને નિષ્ઠાવાન અગ્રણી ઘનશ્યામભાઈ પી. બ્રહ્મભટ્ટનું આજે ટુંકી માંદગી બાદ દુઃખદ અવસાન થતાં શહેરમાં શોકની લાગણી ફેલાઈ છે. સ્વર્ગસ્થની સ્મશાન યાત્રામાં વિવિધ રાજકીય પક્ષોના આગેવાનો, શહેરના અગ્રણીઓ, બ્રહ્મભટ્ટ સમાજના આગેવાનો, જ્ઞાતિજનોમિત્રો, શહેરીજનોવિગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા. સ્વર્ગસ્થ ઘનશ્યામભાઈ બ્રહ્મભટ્ટે શહેરની વિવિધ સંસ્થાઓમાં હોદ્દેદાર તરીકે સિંહફાળો આપી શહેરના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું હતું. ગત ડિસેમ્બર ૨૦૧૪માં સ્વર્ગસ્થની અનન્ય સેવાઓની નોંધ લઈને શહેરીજનો દ્વારા તેઓનું જાહેર અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્વર્ગસ્થના અવસાનથી શહેરીજનોને મોટી ખોટ પડી છે.

બૈશાખી પર્વની મુખ્યમંત્રીને શુભેચ્છા પાઠવતા શીખ સમાજના પ્રતિનિધિઓ

ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે ગાંધીનગર ગુરૂદ્વારા અને અમદાવાદના કલગીઘર સેવક જાથાના પ્રતિનિધિમંડળે મુલાકાત લઈ બૈશાખી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

ત્રણ મહિનાને અંતે ધાનેરા નગરપાલિકા પ્રમુખનું કોકડુ ઉકેલાયુ

ભાજપના નરસિંહ રાજપૂત પ્રમુખ પદે ચૂંટાયા

ધાનેરા, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા નગરપાલિકા પ્રમુખની છેલ્લા ત્રણ મહિનાથી વિવાદમાં પડી હતી જેનો આજે અંત આવ્યો હતો અને ધાનેરામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે પાલિકા પ્રમુખની ચિતાની યોજાઈ હતી જેમાં ભાજપના નરસિંહજી બાબુજી રાજપૂત ધાનેરા નગરપાલિકાના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.

ધાનેરા નગરપાલિકા પ્રમુખ બળવંતજી છોગાજી રાવ સામે અવિશ્વાસની દરખાસ્ત મુકવામાં આવી હતી અને તે બાબતે તા. ૩૦-૧૨-૨૦૧૪ના રોજ ધાનેરા નગરપાલિકા ખાતે સભા બોલાવામાં આવી હતી અને કોંગ્રેસના પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થતા કોંગ્રેસે ધાનેરા નગરપાલિકા ગુમાવવાનો વારો આવ્યો હતો. કોંગ્રેસના ચાર સભ્યોએ અવિશ્વાસની તરફેણમાં મતદાન કરતાં મામલો હાઈકોર્ટે પહોંચ્યો હતો અને ધાનેરા નગરપાકિા પ્રમુખની ચૂંટણી વિવાદમાં પડી હતી. હાઈકોર્ટ દ્વારા ધાનેરા નગરપાલિકા પ્રમુખની ચૂંટણી સામે બે વાર સ્ટે આપવામાં આવ્યો હતો. આજે ત્રણ મહિનાથી વિવાદમાં પડેલી પાલિકા પ્રમુખની ચૂંટણીનો અંત આવ્યો હતો. ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને ધાનેરા પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં પાલિકા પ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસ તરફથી બળવંતજી છોગાજી રાવ અને ભાજપ તરફથી નરસિંહજી બાબુજી રાજપૂતે પ્રમુખની ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યા હતા. ભાજપને ૨૧ માંથી ૧૪ મત મળ્યા હતા અને કોંગ્રેસને ૨૧માંથી ૬ મત મળ્યા હતા ત્યારે કોંગ્રેસનો એક ઉમેદવાર ગેરહાજર રહ્યો હતો. ભાજપને ૨૧માંથી ૧૪ મત મળતા ભાજપના નરસિંહજી બાબુજી રાજપૂત વિજય બન્યા હતા.

ભાજપના નરસિંહજી બાબુજી રાજપૂત વિજય બનતા લોકોએ તેમને ફૂલહાર પહેરાવી ધાનેરાનો સારો વિકાસ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી હવે જોવાનું એ રહે છે કે ધાનેરા નગરપાલિકાના નવા બનેલા પ્રમુખ ધાનેરાનો કેવો વિકાસ કરે છે તે તો આવનારો સમય બતાવશે.

ફિલ્ડ રિપોર્ટર્સ પાલનપુરનો સાતમો પદગ્રહણ સમારોહ યોજાયો

વરિષ્ઠ પત્રકાર અને યાત્રાધામ વિકાસ બોર્ડના ડિરેક્ટર ગણપતભાઈ જોશીનું સન્માન

પાલનપુર, તા.૧૩

ફિલ્ડમાં કાર્યરત પત્રકારોના સંગઠન ફિલ્ડ રિપોર્ટર્સ પાલનપુરનો સાતમો પદ ગ્રહણ સમારોહ પાલનપુર આરોગ્યધામ ખાતે કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી હરિભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. પદગ્રહણ સમારોહમાં મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી આ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો

બાદમાં સંગઠનના મહામંત્રી પ્રકાશ વ્યાશે મહેમાનોને શાબ્દિક સ્વાગત કરી આવકાર્યા હતા. કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી હરિભાઈ ચૌધરીનું ફિલ્ડ રિપોર્ટર્સ પ્રમુખ વિનોદ સુંદેશા અને મહામંત્રી પ્રકાશ વ્યાસે સ્મુર્તી ચિન્હ આપી સન્માનિત કર્યા હતા ત્યારે પુષ્પ ગુચ્છ અને શાલથી સભ્ય સીતાબ કાદરી અને માનું ચાવડાએ સન્માન કર્યું હતું.

વરિષ્ટ પત્રકાર અને યાત્રાધામ વિકાસ બોર્ડના ડીરેક્ટર ગણપતલાલ જોશીનું સંસ્થાના સભ્યો પંકજ સોનેજી અને દીપક રાવલે સ્મૃતિ ચિન્હ આપી સન્માન કર્યુ હતું તેમજ અતિથી પદે ઉપસ્થિત પાલિકા પ્રમુખ હસમુખભાઈ પઢીયારનું સદસ્ય નરેશ ચૌહાણે શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. બાદમાં સંસ્થાના સ્થાપક પ્રમુખ સંજય જોશી એ હોદ્દેદારો અને સભ્યોને સપથ લેવડાવ્યા હતા.

આ ઉપરાંત ફિલ્ડ રીપોર્ટસ ના શરદ ઉત્સવ કાર્યક્રમમાં સહયોગ આપનારા ટહુકાર ગ્રુપના યોગેશ પુરબીયા તેમજ ઈટીવી ગુજરાતીમાં બ્રેકીગ ન્યુજમાં ગુજરાતમાં પ્રથમ આવવા બદલ હસમુખ પટેલનું અને સતત સાત વર્ષથી કાર્યક્રમોમાં સફળ સંચાલન કરનાર મયુર જોશીનું પણ કેન્દ્રીય ગૃહ મંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ કેન્દ્રીય ગૃહ મંત્રી હરિભાઈ ચૌધરીએ ફિલ્ડ રિપોર્ટર્સની પારિવારિક દાયિત્વની કામગીરી બિરદાવતા પ્રમુખ વિનોદ સુંદેશાની રાહબરી હેઠળ ટીમ ફિલ્ડ રિપોર્ટર્સ ને અભિનંદન પાઠવી ઉતરોતર પ્રગતિ સાધે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી યાત્રાધામ વિકાસ બોર્ડના ડીરેક્ટર ગણપતલાલ જોશી એ ટીમ ફિલ્ડ રિપોર્ટર્સ દ્વારા કરવામાં આવેલા સન્માન બદલ હર્ષની લાગણી અનુભવી વર્તમાન સમયમાં ફિલ્ડ રિપોર્ટર દ્વારા થતા સામાજિક કાર્યોને બિરદાવ્યા હતા આ પ્રસંગે પ્રમુખ વિનોદ સુંદેશાએ સતત બે વરસ ફિલ્ડ રિપોર્ટર સંસ્થાનું સૂકાન સોંપવા બદલ સાથી સભ્યોનો આભાર વ્યકત કરતા મુકેલા વિશ્વાસને સાર્થક કરી બતાવવાની ખાતરી આપી હતી આ કાર્યક્રમમાં શહેરના જાણીતા આગેવાનો સહીત ફિલ્ડ રિપોર્ટર્સ સભ્યો ના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા

માર્શલ આર્ટના વિજેતા ખેલાડીઓની મુખ્યમંત્રી સાથે મુલાકાત યોજાઈ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની માર્શલ આર્ટ રમતોત્સવમાં વિજેતા ૧૯ યુવા-બાળ ખેલાડીઓએ આજે ગાંધીનગરમાં શુભેચ્છા મુલાકાત લઈ તેમના આશીર્વાદ મેળવ્યા હતા.

ગુજરાતની ૧૧ દિકરીઓ સહિત આ ૧૯ ખેલાડીઓ ૨૭ મી નેશનલ જિત કૂને-ડો માર્શલ આર્ટ ચેમ્પીયનશીપમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત છે, અને તાજેતરમાં થાઈલેન્ડ બેંગકોક ખાતે વર્લ્ડ માર્શલ આર્ટ કાઉન્સીલ દ્વારા યોજાયેલી સ્પર્ધામાં પાંચ સુવર્ણ, ૧૧ રજત અને ૩ કાંસ્ય ચંન્દ્રકો પ્રાપ્ત કરી ગુજરાતનું ગૌરવ વધારી પરત આવેલા છે. શ્રીમતી આનંદીબહેને ૨૯ દેશોના ૨૦૦૦ ઉપરાંત પ્રતિસ્પર્ધીઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા ગુજરાતના આ ખેલાડીઓને ઉજ્જવળ કારકીર્દીની શુભકામનાઓ પાઠવી હતી.

કમોસમી વરસાદને કારણે બાગાયતી પાકોને ભારે નુકશાનનો ભય

ગાંધીનગર, તા.૧૩

રાજયમાં છેલ્લા બે દિવસ દરમિયાન થયેલ કમોસમી વરસાદને કારણે બાગાયતી પાકોને ભારે નૂકશાન થવા પામ્યું હોવાની ભિતી વ્યકત કરવામાં આવી છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં હવામાન પલટાતા છેલ્લા બે દિવસથી રાજયના અનેક વિસ્તારોમાં કરા સાથે કમોસમી વરસાદ થવા પામ્યો છે.

આ કમોસમી વરસાદને કારણે રાજયમાં અનેક કૃષિ પાકોને નુકસાન થવા પામ્યું છે. આ ઉપરાંત કેરી, લીંબુ સહીતના અનેક બાગાયતી પાકોને પણ ભારે નુકશાન થવા પામ્યું હોવાની ભિતી વ્યકત કરવામાં આવી રહી છે.

સૂત્રો પાસેતી પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે બે થી ત્રણ વાર માવઠું થતાં કેરીન પાકને ભારે નુકશાન થવા પામ્યું છે. પવન ફુંકાવાના કારણે પાક ખરી જતાં આ વર્ષે કેરીનું ઉત્પાદન ઓછું થવાની ભિતી પણ વ્યકત કરવામાં આવી છે કેરીના પાકને નુકસાન થતાં અને ઓછું ઉત્પાદન થવાના કારણે આ વખતે કેરીના રસનો સ્વાદ મોંઘો લાગે તેવી શકયતા સેવાઈ રહી છે. કમોસમી વરસાદને કારણે કયા વિસ્તારોમાં બાગાયતી પાકોને કેટલું નુકશાન થયું છે તે અંગેનો સર્વે કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીઓને સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

દિયોદર માર્કેટયાર્ડમાં કોંગ્રેસ તરફી પેનલનો વિજય

બનાસકાંઠા, તા.૧૩

બનાસકાંઠાની દિયોદર ખાતેની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં વેપારી વિભાગની ૪ ખરીદ વેચાણ સંઘની-૨ અને ખેડૂત વિભાગની બેઠકો એમ કુલ ૧૪ બેઠકો હતી. જેમાં વેપારી વિભાગની ૪ અને ખરીદ વેચાણ સંઘની ૨ બેઠકો પર કોંગ્રેસ પક્ષના ઉમેદવારો બિન હરીફ થયા હતા.ખેડૂત વિભાગની ૮ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં આઠે આઠ બેઠક પર કોંગ્રેસ તરફી ઉમેદવારોએ ભવ્ય વિજય પ્રાપ્ત કરીને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સંપૂર્ણ પ્રાપ્ત કરી છે. તાજેતરમાં જ વલસાડ ડીસ્ટ્રીકટ બેંકમાં પણ કોંગ્રેસ પેનલનો વિજય થયો હતો.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, દિયોદરમાં વિજેતા થયેલ તમામ ઉમેદવારોને કોગ્રેસ તરફથી અભિનંદન પાઠવતાં ગુજરાત પ્રદેસ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં તમામ વિભાગના મતદાતાઓએ જયારે કોંગ્રેસ પક્ષમાં સંપૂર્ણ વિશ્વાસ મુકયો છે ત્યારે આગામી દિવસોમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં તમામ વર્ગ જેમ કે ખેડૂતો, વેપારી સહિત નાના સભાસદોને ન્યાય મળે અને સાચા અર્થમાં સહકારનું વાતાવરણ ઉભું થાય તે આવશ્યક છે.

શબ્દાવલી - ૫૭૦૦



આડી ચાવી

૧. મુશ્કેલી (૩)
૪. રાવણની બેન જેના નાક-કાન લક્ષ્મણે કાપેલા (૪)
૭. નવોદીત કલાકાર, નવા... (૪)
૯. યુવતી (૩)
૧૧. ઊભુનું વિરોધી... થાય (૨)
૧૩. એક માર્ગીય, જે રોડથી એક જ દિશામાં જઇ શકાય (૫)
૧૪. અયોધ્યા (૩)
૧૬. બ્રાહ્મણમાં એક અટક (૨)
૧૮. એક અભિનેત્રી (૩)
૧૯. ઊંચા કૂળનું, ખાનદાન (૪)
૨૧. સામાન (૨)
૨૩. નાનું તળાવ (૪)

ઊભી ચાવી

૧. ઘણું ખાવાથી થતી અકળામણ (૩)
૨. મજા, મોજ (૨)
૩. માંગ (૩)
૫. તરફેણ, બાજુ (૨)
૬. જોડા, જુતા (૩)
૮. ભગવાન, અલ્લાહ (૨)
૧૦. બહુ ગરમ કે ઠંડુ ના હોય તેવું (૪)
૧૧. અરજી પત્ર, નિવેદન (૪)
૧૨. જવ અને તલથી કરાતો લગ્નવિધિ (૪)
૧૪. ધારણા, ધારવું (૪)
૧૫. દોલત (૨)
૧૭. મૃત શરીરમાં પેઠેલ ભૂત (૩)
૨૦. લીંબોળીનું નાનું ઝાડ (૩)
૨૨. વજન (સોનાનું) (૨)

શબ્દાવલી ૫૬૯૯ના જવાબ

આડી ચાવી :- (૧) મલેરિયા (૩) આશા (૫) આફતાબ (૭) જીગરી (૮) રવેશ (૧૦) બોનવીટા (૧૨) ઓટ (૧૩) પારગી (૧૪) શમન (૧૬) કણ (૧૭) મંથરા (૧૮) વેદ (૧૯) ફરેબ

ઊભી ચાવી :- (૧) મનોહર (૨) રિક્ત (૩) આફરીન (૪) શાતા (૫) આગબોટ (૬) બટેટા (૯) વેતરણ (૧૧) વીરામ (૧૩) પોકળ (૧૪) શરાફ (૧૫) નસીબ (૧૭) મંદ

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ